# અમદાવાદના બિલ્ડર ગ્રુપ પર ITના દરોડા

**અમદાવાદના** કામેશ્વર અને દિપ બિલ્ડર્સના ઓનલાઇન વ્યવહારો મળી આવ્યા




અમદાવાદ : અમદાવાદના બે અગ્રણી બિલ્ડર ગ્રુપ સામે આયકર દરોડાન કાર્યવાહી હાથ ધરાઈ છે. જેમાં અમદાવાદ તથા સુરતના આયકર અધિકારીઓએ આજે દરોડાની કાર્યવાહી હાથ ધરીને મોટી માત્રામાં વાંધાજનક દસ્તાવેજો જપ્ત કરી લીધા છે. મળતી માહિતી મુજબ અમદાવાદના અલગ-અલગ 30થી વધુ જગ્યાઓ પર ઈન્કમટેક્સ અધિકારીઓ દ્વારા હાથ ધરવામાં આવ્યું છે. આયકર અધિકારીઓએ સાંજ સુધીમાં મોટા પાયે વાંધાજનક દસ્તાવેજો જપ્ત કરી લીધા છે. આયકરના ગુપ્તચર વિભાગ દ્વારા કામેશ્વર ગ્રુપના દીપેન પટેલ અને નિકુંજ પટેલની ઓફિસ તથા નિવાસસ્થાનો સહિત, દીપ ગ્રુપના દિનેશ પટેલ અને અન્ય ભાગીદારોના સ્થળોએ પણ દરોડા કરવામાં આવ્યા છે. અંદાજે 100 કરતાં વધુ આયકર અધિકારીઓ આ દરોડાની કાર્યવાહીમાં જોડાયા છે. જેમાં સુરતથી પણ આયકર અધિકારીઓ આ દરોડાની કાર્યવાહીમાં જોડાયા હોવાનું જાણવા મળ્યુ છે.

કામેશ્વર ગ્રુપના દીપેન પટેલ અને નિકુંજ પટેલ તથા દીપ ગ્રુપના દિનેશ પટેલની ઓફિસ તથા નિવાસસ્થાનો સહિતના ઠેકાણાઓ પર દરોડા છે. કામેશ્વર ગ્રુપના દીપેન પટેલ અને નિકુંજ પટેલની ઓફિસ તથા નિવાસસ્થાનો સહિત, દીપ ગ્રુપના દિનેશ પટેલ અને અન્ય ભાગીદારોના સ્થળોએ પણ દરોડા કરવામાં આવ્યા છે.અલગ-અલગ 30થી વધુ જગ્યાઓ પર ઈન્કમટેક્સ અધિકારીઓની તપાસ ચાલુ છે. આ ઓપરેશન શહેરના અલગ-અલગ 30થી વધુ જગ્યાઓ પર ઈન્કમટેક્સ અધિકારીઓ દ્વારા હાથ ધરવામાં આવ્યું છે. આ દરોડામાં મોટા પાયે ટેક્સ ચોરી અને જમીનના સોદામાં રોકડ વ્યવહારોની વિગતો બહાર આવવાની પૂરેપૂરી શક્યતા છે.આયકર અધિકારીઓએ દરોડાની કાર્યવાહી દરમ્યાન મોબાઈલ ફોન તથા લેપટોપ પણ જપ્ત કરી લીધા છે. સીજી રોડ , એસજી હાઈવે તથા બોડકદેવ ખાતે પણ દરોડાની કાર્યવાહી હાથ ધરાઈ છે. આયકર અધિકારીઓને કેટલીક વાંધાજનક કાચી ચીઠ્ઠીઓ તથા જમીનની ખરીદ- વેચાણના દસ્તાવેજો , નાણાંકિય ઓન મનીના નામે લેવાયેલી ોકડની એન્ટ્રીઓ પણ ચકાસવામાં આવી રહી છે.

મંદિરની બહાર પણ ગંદા ગટરના પાણી ફરી વળ્યા

# જેતલપુર ગરનાળામાં ગટરના પાણી ઉભરાતા સ્માર્ટ સિટીના દાવાઓ ધોવાયા

**રોજ** લાખો લોકોની અવરજવર છતાં જેતલપુર-દિનેશ મિલ ગરનાળાની હાલત બદતર



(પ્રતિનિધિ) વડોદરા તા.20

શહેરને સ્માર્ટ સિટી બનાવવાના મોટા મોટા દાવાઓ વચ્ચે તંત્રની ગંભીર બેદરકારી ફરી એકવાર ખુલ્લી પડી છે. શહેરના અતિ વ્યસ્ત ગણાતા જેતલપુર ગરનાળા પાસે આજે વરસાદ વગર જ ચોમાસા જેવી સ્થિતિ સર્જાઈ હતી. ગરનાળામાંથી ગટરના પાણી ઉભરાતા રસ્તાઓ પર પાણી ભરાઈ ગયું હતું, જેના કારણે વાહનચાલકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. આ દ્રશ્યો જોઈને પાલિકા અને સ્માર્ટ સિટી પ્રોજેક્ટના વિકાસના દાવાઓ પર અનેક સવાલો ઊભા થયા છે.

જેતલપુર ગરનાળા પાસે આવેલા મંદિરની બહાર પણ ગંદા ગટરના પાણી ફરી વળ્યા હતા. દર્શન માટે આવતા ભક્તોને આ દુષિત પાણીમાંથી પસાર થવા મજબૂર થવું પડ્યું હતું.

સ્થાનિકોના જણાવ્યા અનુસાર અહીં બારેમાસ આવી જ સ્થિતિ રહે છે. સામાન્ય વરસાદમાં પણ નાળું બંધ થઈ જાય છે, પરંતુ હવે તો વરસાદ વગર જ રસ્તાઓ પર નદી જેવી સ્થિતિ સર્જાઈ છે.

પરિસ્થિતિની ગંભીરતા જોતા સામાજિક કાર્યકર વિઠ્ઠલ આયરે હાથમાં લાઉડસ્પીકર લઈને રસ્તા પર ઉતરી વાહનચાલકોને ચેતવણી આપી હતી કે, "સાવચેતીથી વાહન ચલાવજો, નહીં તો ખાડામાં પડી જશો." સાથે તેમણે તંત્ર પર આકરા પ્રહાર કરતા જણાવ્યું હતું કે વડોદરાનું તંત્ર છેલ્લા 20 વર્ષથી ઊંઘમાં છે. જો આગામી થોડા કલાકોમાં સમસ્યાનો ઉકેલ નહીં આવે તો ગાંધીચિંધ્યા માર્ગે આંદોલન કરવાની અને મ્યુનિસિપલ કમિશનરને આવેદનપત્ર આપવાની ચીમકી પણ ઉચ્ચારવામાં આવી છે.

# MSUમાં વિદ્યાર્થીઓની સુરક્ષાના પ્રશ્ને NSUIની ભૂખ હડતાળ

(પ્રતિનિધિ) વડોદરા,તા.19

વડોદરાની એમએસ યુનિવર્સિટીમાં વિદ્યાર્થીઓની સુરક્ષા સહિતના વિવિધ મુદ્દાઓને લઈને વિદ્યાર્થી સંગઠન એનએસયુઆઈ દ્વારા યુનિવર્સિટીની હેડ ઓફિસ ખાતે વાઈસ ચાન્સેલરને રજૂઆત કરવા પહોંચ્યા હતા. જોકે રજૂઆત ધ્યાને નહિ લેવાતા વિદ્યાર્થી કાર્યકરોએ ભૂખ હડતાલ યોજી વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું.

વર્ષે ચાર કરોડ જેટલો ખર્ચ યુનિવર્સિટી દ્વારા સિક્યુરિટી પાછળ કરવામાં આવે છે. જોકે તેમ છતાં પણ કેમ્પસમાં કે ગર્લ્સ હોસ્ટેલની બહાર સિક્યુરિટીનો અભાવ જોવા મળી રહ્યો છે. હાલમાં વિદ્યાર્થીઓની સુરક્ષા સહિતના વિવિધ મુદ્દાઓને લઈને એનએસયુઆઈના ગુજરાતના સેક્રેટરી સુઝાન લાડમેનની આગેવાની હેઠળ એનએસયુઆઈના વિદ્યાર્થી કાર્યકર્તાઓ યુનિવર્સિટીની હેડ ઓફિસ ખાતે પહોંચ્યા હતા. જોકે વીસીએ રજૂઆત નહીં સાંભળતા વિદ્યાર્થી નેતાઓ ઓફિસની બહાર ભૂખ હડતાળ યોજી વિરોધ પ્રદર્શન કર્યું હતું અને જ્યાં સુધી વિદ્યાર્થીઓની માંગ સ્વીકારવામાં નહીં આવે ત્યાં સુધી ભૂખ હડતાલ ચાલુ રહેશે તેવી ચીમકી પણ ઉચ્ચારી હતી. આગેવાન સુજાન લાડમેને જણાવ્યું હતું કે, હતું કે યુનિવર્સિટી દ્વારા સિક્યુરિટી પાછળ દર વર્ષે ચાર કરોડ ઉપરાંતનો ખર્ચો કરવામાં આવે છે. પરંતુ, વારંવાર જોવા મળે છે કે યુનિવર્સિટીના કેમ્પસમાં બહારના અસામાજિક તત્વો દ્વારા વિદ્યાર્થીઓને માર મારવામાં આવે છે અને વિદ્યાર્થીનીઓની છેડતી કરવામાં આવે છે. ત્યારે આ સિક્યુરિટી ક્યાં ગાયબ હોય છે. જેની પાછળ વિદ્યાર્થીઓની ફીસ માંથી કરોડો રૂપિયા ખર્ચવામાં આવે છે. આ મુદ્દાને ધ્યાનમાં લઈને એનએસયુઆઈ દ્વારા વારંવાર વીસીને રજૂઆત કરવામાં આવી છે. પરંતુ, આ જાડી ચામડીના સત્તાધીશોના પેટનું પાણી હાલતું નથી. એને ધ્યાનમાં લઈને આજે વીસી ઓફિસે ભૂખ હડતાલ અને વિદ્યાર્થીઓને ન્યાય અપાવવાની માંગણી કરવામાં આવી છે.

ચૂંટણી ફોર્મ ચકાસણીના દિવસે દિગ્ગજ ચહેરાઓ મેદાનમાં ઉતર્યા : બેઠકોનો દોર શરૂ

# બીસીએની ચૂંટણી નિર્ણાયક તબક્કામાં પહોંચી અંતિમ ઘડીએ મોટો દાવ રમાવાની શક્યતા

**આજે** ફોર્મ પરત ખેંચવાનો અંતિમ દિવસ,ચિત્ર સ્પષ્ટ થશે : બે ફોર્મ રદ



(પ્રતિનિધિ) વડોદરા,તા.20

બરોડા ક્રિકેટ એસોસિએશનની આગામી ચૂંટણીને લઈને વડોદરાનું રમતગમતનું રાજકારણ ગરમાયુ છે. મંગળવારે ઉમેદવારી ફોર્મ ચકાસણીની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. જેને લઈને તમામ ગ્રુપમાં ભારે ઉત્તેજના જોવા મળી હતી. કેટલાક જૂથો દ્વારા આ રાતને કતલની રાત તરીકે વર્ણવામાં આવી છે.

બરોડા ક્રિકેટ એસોસિએશનની ચૂંટણીમાં અનેક દિગ્ગજ ચેહરાઓ મેદાનમાં જોવા મળ્યા છે. બીસીએની ચૂંટણી પ્રક્રિયા હવે તેના નિર્ણાયક તબક્કામાં પહોંચી છે. હાથ ધરવામાં આવેલી ફોર્મ ચકાસણીની પ્રક્રિયા દરમિયાન શહેરના દિગ્ગજ ચહેરા મેદાનમાં જોવા મળ્યા હતા. આવતીકાલે બુધવારે સાંજ સુધીમાં તમામ ફોર્મની સ્થિતિ સ્પષ્ટ થશે. ચૂંટણીમાં રિવાઈવલ ગ્રુપ મજબૂત પકડ જમાવી રહ્યું હોય તેમ લાગી રહ્યું છે. આ ગ્રુપ દ્વારા વિવિધ પદો માટે નામો સામે આવ્યા છે. જેમાં પ્રમુખ પદ માટે અક્ષત પટેલ અને મિનેશ પટેલ, સેક્રેટરી પદ માટે અક્ષત પટેલ અને મિનેશ પટેલ, જો.સેક્રેટરી પદ માટે મિનેષ પટેલ અને અશોક જુનેજા, ટ્રેઝરર માટે અશોક જુનેજા, ફાઈનાન્સ માટે તેજલ અમીન, પ્રેસ મીડિયા માટે ગીતા ગાયકવાડનું નામ સામે આવ્યું છે. આજની ચકાસણી પ્રક્રિયા દરમિયાન તેજલ અમીન વ્યક્તિગત રીતે હાજર રહ્યા હતા, તેમણે ફાઈનાન્સ વિભાગ માટે ઉમેદવારી નોંધાવી છે, તેમની હાજરી એ બાબતનો સંકેત આપ્યો છે કે રિવાઈવલ ગ્રુપ આ ચૂંટણીને ખૂબ જ ગંભીરતાથી લઈ રહ્યું છે. ઉલ્લેખનીય છે કે, બુધવારે આજે રિવાઈવલ ગ્રુપમાંથી એક એક ઉમેદવાર નક્કી છે, તે મુજબ પ્રમુખ પદ માટે કિરણ મોરે અથવા અક્ષત પટેલ, વીપી માટે અશોક જુનેજા સેક્રેટરી માટે અમુલ જીકાર, જોઈન્ટ સેક્રેટરી માટે મિનેશ પટેલ, ફાઈનાન્સ માટે તેજલ અમીન અને પ્રેસ કમિટી માટે ગીતા ગાયકવાડના ફાઈનલ નામો હોઈ શકે. આજે ફોર્મ ચકાસણી દરમિયાન ચેતન પવારનું અને પાંચ હોદ્દા પર ફોર્મ ભરનાર પરાગ પટેલનું ફોર્મ રદ કરવામાં આવ્યું હોવાનું જાણવા મળ્યું હતું. અત્રે મહત્વની બાબત એ છે કે, રિવાઈવલ અને રોયલ જૂથનું ગઠબંધન તૂટતા ઉમેદવારોની પસંદગીમાં ફેરબદલ કરાયા હતા. રિવાઈવલ જુથે પ્રમુખ પદ માટે પૂર્વ ક્રિકેટર કિરણ મોરે પાસે ઉમેદવારી ફોર્મ ભરાવ્યું હતું. કિરણ મોરે વગદાર અને બીસીએના સભ્યોમાં જાણીતો ચેહરો હોવાથી ગ્રુપ હવે છેલ્લી ઘડીએ મોટી રમત રમાવાની ચર્ચા છે. ચૂંટણી થશે તો કિરણ મોરે સામે દર્શનબેંકર અથવા અનંત ઈન્દુલકર પ્રમુખ પદના હરીફ ઉમેદવાર બનશે તે વાતને પણ નકારી શકાય તેમ નથી.

# અનમોલ ગ્રંથ વિરાસત : ભારતીય સંગીતના ઐતિહાસિક વારસાનું વિમોચન



**1888 થી** 1922 સુધીના સમયગાળામાં રચાયેલ અતિ દુર્લભ અભ્યાસલક્ષી ગ્રંથ ફેકલ્ટીને અર્પણ

(પ્રતિનિધિ) વડોદરા,તા.19

એમએસયુની પર્ફોર્મિંગ આર્ટ્સ ફેકલ્ટી ખાતે ભારતીય શાસ્ત્રીય સંગીતની દીર્ઘ પરંપરા, શૈક્ષણિક વિકાસ અને બૌદ્ધિક વારસાને ઉજાગર કરતી દુર્લભ સંગીત શૈક્ષણિક કૃતિઓનું અનમોલ ગ્રંથ વિરાસત શીર્ષક હેઠળ વિમોચન કરીને ફેકલ્ટી લાઈબ્રેરીને સમર્પણ કરવામાં આવ્યું હતું. વાદ્ય વિભાગના હેડ ડો. વિશ્વાસ સંત દ્વારા પોતાના રિસર્ચ દરમિયાન તેઓને પ્રાપ્ત થયેલ સન 1888 થી સન 1922 સુધીના સમયગાળામાં રચાયેલ અતિ દુર્લભ અભ્યાસલક્ષી ગ્રંથ ફેકલ્ટીને અર્પણ કરવામાં આવ્યા હતા.

મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીના કુલપતિ પ્રો. ભાલચંદ્ર એમ. ભણગે મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા. તેમના કરકમળે આ અમૂલ્ય ગ્રંથોનું અને ફેકલ્ટિ ના કોન્સર્ટ હોલ અને ગાયન વાદન સભા ખંડ માં એસી લગાવવામાં આવ્યા તેનું પણ ઉદ્ઘાટન એવમ વિધિવત્ વિમોચન થયું હતું. આ કાર્યક્રમનું સંયોજન IQAC ના સહયોગથી કરવામાં આવ્યું હતું. ડીન પ્રો. ગૌરાંગ ભાવસાર, સંયોજક ડો. વિશ્વાસ સંત તથા સહ સંયોજક ડો. ધનંજય વેકરિયા એ કાર્યક્રમને સફળ બનાવીને વિશેષ ગૌરવ આપ્યું હતું. વિમોચિત થયેલા ગ્રંથોમાં 1916 ની પ્રથમ ભારતીય સંગીત પરિષદના અહેવાલો અને 19 મી સદીની ગાયન શાળાઓના પાઠ્યપુસ્તકોનો સમાવેશ થાય છે. આ ગ્રંથો માત્ર ઐતિહાસિક દસ્તાવેજો નથી, પરંતુ ભારતીય શાસ્ત્રીય સંગીતના વિચારો, સંશોધન, શિક્ષણ પદ્ધતિ અને સંસ્કૃતિક દષ્ટિકોણના જીવંત સાક્ષી છે. 1916ની પ્રથમ ભારતીય સંગીત પરિષદ એ સમયગાળાની પ્રતીક છે. જ્યારે, ભારતીય સંગીતે પરંપરાની જડતા તોડી આધુનિક શૈક્ષણિક માળખું, પરિષદ સંસ્કૃતિ અને શાસ્ત્રીય વિચારધારાનો સ્વીકાર કર્યો. જ્યારે 19 મી સદીની ગાયન શાળાઓના પાઠ્યપુસ્તકો ગુરુ-શિષ્ય પરંપરાની શિસ્ત, અભ્યાસક્રમની રચના અને પ્રારંભિક સંગીત શિક્ષણના વિજ્ઞાનને ઉજાગર કરે છે. જે આજના સંગીત શિક્ષણનો અડગ પાયો બન્યા છે. ફેકલ્ટી ઓફ પર્ફોર્મિંગ આર્ટ્સની લાઈબ્રેરીમાં આ ગ્રંથોના સમાવેશથી સંશોધકોને અખંડિત પ્રાથમિક સ્ત્રોત પ્રાપ્ત થશે, વિદ્યાર્થીઓને સંગીતના ઐતિહાસિક મૂળ સાથે જીવંત સંવાદ સાધવાની તક મળશે અને ભારતીય સંગીતની શૈક્ષણિક પરંપરા વધુ સમૃદ્ધ અને સુદઢ બનશે.

બેદરકાર અધિકારીઓને લપડાક અને સારું કામ કરનારને શાબાશી

# વડોદરાને સ્વચ્છ કરવા કમિશનરનો 'સુપર 50' પ્લાન: હવે સીધો નાગરિકોને ફોન કરીને લેવાશે સફાઈનો રિપોર્ટ

**શહેરમાં** 40 નવા શૌચાલય અને રસ્તાના ખાડા પૂરવા આદેશ

(પ્રતિનિધિ) વડોદરા તા.20

વડોદરા શહેરને સ્વચ્છ અને સુવિધાસભર બનાવવાના હેતુથી મ્યુનિસિપલ કમિશનર અરુણ મહેશ બાબુની અધ્યક્ષતામાં મંગળવારે પાલિકા ખાતે સાપ્તાહિક 'સ્વચ્છતા અને સ્વચ્છતા સુરક્ષા' રિવ્યૂ બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં શહેરના તમામ ઝોનના વોર્ડ ઓફિસરો, સેનેટરી ઈન્સ્પેક્ટરો અને સંબંધિત વિભાગના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. બેઠકમાં સ્વચ્છતાથી લઈને ટ્રાફિક અને પ્રાથમિક સુવિધાઓ અંગે મહત્વના નિર્ણયો લેવામાં આવ્યા હતા.

બેઠક બાદ મ્યુનિસિપલ કમિશનરે જણાવ્યું હતું કે, શહેરની સ્વચ્છતા જાળવવી એ અમારી સર્વોચ્ચ પ્રાથમિકતા છે. સફાઈની કામગીરી કાગળ પર નહીં પણ ગ્રાઉન્ડ લેવલ પર ચકાસવા માટે એક નવતર પ્રયોગ હાથ ધરવામાં આવ્યો છે. તંત્ર દ્વારા દરેક વોર્ડમાં દરરોજ 50 નાગરિકોને ફોન કોલ કરીને પૂછવામાં આવશે કે તેમના વિસ્તારમાં સફાઈ થાય છે કે નહીં? તેમજ ડોર-ટુ-ડોર કચરાનું કલેક્શન સમયસર થાય છે કે કેમ? ફીડબેકના આધારે જે વોર્ડમાં સફાઈની કામગીરી ઉત્કૃષ્ટ જણાશે ત્યાંના સેનેટરી ઈન્સ્પેક્ટરને અભિનંદન પાઠવી પ્રોત્સાહિત કરવામાં આવશે. જ્યારે જે વિસ્તારોમાં ફરિયાદોનું પ્રમાણ વધુ હશે અને સફાઈમાં બેદરકારી જણાશે, ત્યાંના અધિકારીઓને તાત્કાલિક કામગીરી સુધારવા માટે કડક સૂચના આપવામાં આવી છે. મ્યુનિસિપલ કમિશનરે તમામ અધિકારીઓને જવાબદારીપૂર્વક કામ કરી 'સ્વચ્છતા અભિયાન'ને વધુ અસરકારક બનાવવા પર ભાર મૂક્યો હતો.




## શહેરના વિકાસ અને સુવિધા માટે લેવાયેલા મહત્વના નિર્ણયો

» નવા શૌચાલયોનું નિર્માણઃ સ્વચ્છતા અભિયાન હેઠળ શહેરના ચારેય ઝોનમાં 10-10 મળી કુલ 40 નવા જાહેર શૌચાલયો બનાવવાની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે.

» રસ્તાનું સમારકામઃ ચોમાસા બાદ કે અન્ય કારણોસર રોડ પર પડેલા ખાડાઓને તાત્કાલિક પૂરીને વહેલી તકે કાર્પેટિંગ કરવા માટે તમામ ઝોનલ અધિકારીઓને આદેશ અપાયા છે.

» ટ્રાફિક અને સુરક્ષાઃ ટ્રાફિક પોલીસના સૂચનો મુજબ શહેરના મુખ્ય જંક્શન પર ઝીબ્રા ક્રોસિંગ પેઇન્ટ કરવાની મંજૂરી આપી દેવામાં આવી છે, જેથી ટ્રાફિક નિયમન સરળ બને.

» દબાણ હટાવો ઝુંબેશઃ શહેરના માર્ગોને મોકળા કરવા માટે દબાણ શાખા દ્વારા ગેરકાયદેસર દબાણો દૂર કરવાની કામગીરી વધુ તેજ બનાવવામાં આવશે.

» સ્ટ્રીટ ડોગ અને આંગણવાડીઃ રખડતા શ્વાનોને નિયંત્રિત કરવા માટે નવી વ્યવસ્થા ઊભી કરાશે. આ ઉપરાંત, કાર્યરત આંગણવાડીઓનું રિનોવેશન અને જરૂરિયાત મુજબ નવી આંગણવાડીઓ બનાવવાનું આયોજન પણ બેઠકમાં કરવામાં આવ્યું હતું.

# વડોદરા-અમદાવાદ એક્સપ્રેસવે પર 39 કિમીની ચેઈનેજ કામગીરી શરૂ

(પ્રતિનિધઇ) વડોદરા તા.20

વડોદરા અને અમદાવાદને જોડતા નેશનલ એક્સપ્રેસવે નંબર-1 પર મુસાફરી કરતા વાહનચાલકો માટે મહત્વના સમાચાર સામે આવ્યા છે. ભારતીય રાષ્ટ્રીય રાજમાર્ગ પ્રાધિકરણ (NHAI) દ્વારા એક્સપ્રેસવે પર વડોદરાથી અમદાવાદ તરફ જતા માર્ગમાં 39 કિલોમીટરની ચેઈનેજ પાસે રીપેરીંગની કામગીરી હાથ ધરવામાં આવી છે.

સમારકામને પગલે આ માર્ગ પર ટ્રાફિકની ગતિ ધીમી પડી શકે છે અને વાહનચાલકોને ટ્રાફિક જામની સમસ્યાનો સામનો કરવો પડી શકે છે. તંત્ર દ્વારા તમામ રોડ વપરાશકર્તાઓને વિનંતી કરવામાં આવી છે કે ટ્રાફિકની સ્થિતિને ધ્યાનમાં રાખીને પોતાની યાત્રા નિર્ધારિત સમય કરતા 30 થી 45 મિનિટ વહેલી શરૂ કરવી. માર્ગ પર મુકવામાં આવેલા સૂચક બોર્ડ અને ટ્રાફિક નિયમોનું ચુસ્તપણે પાલન કરવું. શક્ય હોય તો વૈકલ્પિક માર્ગોનો વિચાર કરવો અથવા સમયનું આયોજન અગાઉથી કરી લેવું.


**વડોદરા મહાનગરપાલિકા**
www.vmc.gov.in
**રસ્તા બંધ ડાયવર્ઝન/માટેની જાહેર નોટીસ**

વોર્ડ નં.૭ માં આનંદનગર બાપા સિતારામ મંદીરથી આનંદનગર ચાર રસ્તા સુધી મેન્યુઅલ પુશીંગ પદ્ધતીથી નવીન ડ્રેનેજ લાઇન નાખવાની કામગીરી માટે ઈજારદાર દ્વારા વાપરવામાં આવનાર હેવી મશીનરીઝ તથા મજૂરો/ કારીગરોની હેરફેર માટે કામગીરીની સરળતા તેમજ જરૂરીયાત મુજબ આનંદનગર ચાર રસ્તા પાસે આવેલ સરકારી વસાહત પ્રેસ કોલોનીથી આનંદનગર નાકા થઇ બાપા સિતારામ મંદિર સુધીના રસ્તા પર જમણી/ ડાબી બાજુના કેરેજ વે તા: ૨૧.૦૧.૨૦૨૬થી *કામ પૂર્ણ થતાં સુધી તમામ* પ્રકારના વાહન વ્યવહાર તેમજ અવર-જવર માટે રસ્તો તબક્કાવાર બંધ કરવામાં આવશે. જેના વિકલ્પે જાહેરજનતાએ કામની સ્થળ સ્થિતિ તથા જરૂરિયાત પ્રમાણે ડાબી/ જમણી બાજુના કેરેજ વે નો વાહન વ્યવહાર તેમજ અવર-જવર માટે સાવચેતી પૂર્વક ઉપયોગ કરવાનો રહેશે.

સદર કામગીરી વધુ ઉંડાઇની હોવાથી જાહેર જનતાએ બંધ રસ્તાના પ્રતિબંધિત વિસ્તારમાં પ્રવેશ કરવો નહી તેમજ સુરક્ષિત અંતર જાળવી રાખવુ.

ઉપરોકત જાહેર નોટિસને અનુસરવા તથા કામગીરીમાં સાથ સહકાર આપવા માટે જાહેર જનતાને નમ્ર વિનંતી કરવામાં આવે છે.

P.R.O.No.૧૦૫૯/૨૫-૨૬ ડ્રેનેજ પ્રોજેકટ શાખા દ્વારા પ્રકાશિત



**વડોદરા મહાનગર પાલિકા**
www.vmc.gov.in
**પાણી અંગેની અગત્યની જાહેરાત**

આથી જાહેર જનતાને જણાવવાનું કે, આજવા રોડ પર સરદાર એસ્ટેટ થી આજવા ચોકડી તરફ જતા જમણી તરફ આવેલ ગાયત્રી હોસ્પિટલ પાસે હયાત ૫૦૦ મીમી વ્યાસની નળીક ને નવીન નાખવામાં આવેલ ૩૦૦ મીમી વ્યાસની નળીકા સાથે જોડાણ કરવાની કામગીરી તા.૨૨.૦૧.૨૦૨૬ ના ગુરૂવારના રોજ હાથ ધરવાનું આયોજન કરવામાં આવેલ છે. જેથી સયાજીપુરા ટાંકીના કમાન્ડ વિસ્તારમાં આવેલ ભાગ્યલક્ષ્મી ટાઉનશીપ, પંચમવિલા, એમેઝોન રેસીડેન્સી થી તુલસી હાઇટસ, તુલસી આંગન, સ્વામિનારાયણ નિકેતન, વ્રજ વિલા ફ્લેટ, જાંબુડીયા ગામ, રૂદ્રાક્ષ બ્લીસ સોસાયટીઓના વિસ્તારમાં તા.૨૨.૦૧.૨૦૨૬ ના રોજ ગુરૂવારના સવારના ઝોનમાં પાણીનું વિતરણ કરવામાં આવશે નહી તથા તા.૨૩.૦૧.૨૦૨૬ સવારના શુક્રવારના રોજ વિતરણ થતા ઝોનમાં પાણીનું વિતરણ વિલંબથી તથા હળવા દબાણથી કરવામાં આવશે. જેની જાહેર જનતાએ નોંધ લેવા તેમજ કામગીરી દરમ્યાન સહકાર આપવા વિનંતી છે.

પી.આર.ઓ.નં. ૧૦૫૫/૨૫-૨૬ કાર્યપાલક ઇજનેર (પા.પુ.વિ.)



**વડોદરા મહાનગરપાલિકા**
www.vmc.gov.in
**રસ્તા બંધ ડાયવર્ઝન/માટેની જાહેર નોટીસ**

કારેલીબાગ L&T સર્કલથી મુક્તાનંદ સર્કલ સુધી નવીન ડ્રેનેજ લાઇન નાંખવાની કામગીરી માટે ઈજારદાર દ્વારા વાપરવામાં આવનાર મશીનરીઝ તથા મજૂરો/ કારીગરોની હેરફેર માટે કામગીરીની સરળતા તેમજ જરૂરીયાત મુજબ L&T સર્કલથી મુક્તાનંદ સર્કલ સુધીના રસ્તા પર જમણી/ડાબી બાજુનો કેરેજ વે તા: ૨૧.૦૧.૨૦૨૬થી કામ પૂર્ણ થતાં સુધી તમામ પ્રકા[રના વાહન વ્યવહાર તેમજ અવર-જવર માટે રસ્તો *તબક્કાવાર બંધ કરવામાં આવશે. જેના વિકલ્પે જાહેરજનતાએ કામની સ્થળ સ્થિતિ તથા* જરૂરિયાત પ્રમાણે ડાબી/જમણી બાજુના કેરેજ વે નો વાહન વ્યવહાર તેમજ અવર-જવર માટે સાવચેતી પૂર્વક ઉપયોગ કરવાનો રહેશે.

સદર કામગીરી વધુ ઉંડાઇની હોવાથી જાહેર જનતાએ બંધ રસ્તાના પ્રતિબંધિત વિસ્તારમાં પ્રવેશ કરવો નહી તેમજ સુરક્ષિત અંતર જાળવી રાખવુ.

ઉપરોકત જાહેર નોટિસને અનુસરવા તથા કામગીરીમાં સાથ સહકાર આપવા માટે જાહેર જનતાને નમ્ર વિનંતી કરવામાં આવે છે.

P.R.O.No.૧૦૫૮/૨૫-૨૬ ડ્રેનેજ પ્રોજેકટ શાખા દ્વારા પ્રકાશિત


બનાવટી બાનાખતના આધારે જમીન માલિક સામે ખોટો કેસ કરવા સાથે ધમકી પણ આપી

# ગોત્રીમાં NRIની જમીનનું ખોટુ બાનાખત બનાવનાર બિલ્ડર સહિત બેની ધરપકડ

**અન્ય** બે લોકો સામે પણ ગોત્રી પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ

(પ્રતિનિધિ) વડોદરા તા.20

કારેલીબાગ વિસ્તારમાં આવેલી ગુલમર્ગ સોસાયટીના અને હાલમાં યુએસએસએ ખાતે રહેતા દિલીપભાઈ ભગવાનદાસ સોની (ઉ.વ.68)એ ગોત્રી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે કે ગોત્રીના સર્વે નંબર 249વાળી 8701 ચોરસમીટર વાળી તથા તેની જોડે આવેલી સર્વે નંબર 292 વાળી 12849 ચોરસમીટર વાળી જમીન વર્ષ 2007માં રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ રજીસ્ટ્રેશન મુળ માલીકો ભરત મોહનભાઈ પટેલ તથા અન્ય 14 પાસેથી ખરીદ કરી હતી. તેનું નુ ટાઈટલ ક્લીયર કરવા માટે આરોપી બિલ્ડર ભુપેન્દ્ર શાંતિલાલ શાહે આપ્યું હતું. જે ટાઈટલ ક્લીયર કરવા માટે જમીન માલિક દ્વારા પાવર ઓફ એટર્ની પણ કરી આપ્યુ હતું. જમીનનુ ટાઈટલ ક્લીયર કરી આ મહામુલી જમીન ફરિયાદીએ ડેવલોપ કરાર કરી આપી હતી. પરંતુ બિલ્ડર ભપેન્દ્ર શાહે અને વિજય પંચાલ તેમજ પી કે મોરે એ ભેગા મળીને આ જમીનનુ ખોટુ અને બનાવટી બાનાખત ઉભુ કરાવ્યું હતુ. જેના આધારે નામદાર કોર્ટમાં દાવો પણ દાખલ કર્યો હતો. જમીન માલિક દિલીપભાઈ સોની વિરૂધ્ધ એફઆઈ કરી ખોટા બાનાખતનો સાચા તરીકે ઉપયોગા કરી ધમકી છેતરપિંડી કરી છે. જેથી ગોત્રી પોલીસ દ્વારા જમીન માલિક દિલીપભાઈ સોની વિરૂધ્ધ એફઆઈ કરી ખોટા બાનાખતનો સાચા તરીકે ઉપયોગા કરી ધમકી છેતરપિંડી કરી છે. જેથી ગોત્રી પોલીસ દ્વારા ભુપેન્દ્રભાઈ શાંતિલાલ શાહ (રહે. સુદેવ ડુપ્લેક્ષ, કસ્તુરી નગરઃ સોસાયટી, શ્રેયસ સ્કુલની પાછળ, માંજલપુર), મયુરીકાબેન પ્રવિણ પટેલ (રહે. રતીલાલ પાર્ક, નાલંદા પાણીની ટાંકી રોડ, વાઘોડીયા રોડ, વડોદર), વિજય ડી.પંચાલ (રહે. ગ્રામ પંચાયત શોપીંગ સેન્ટર, નવા બસ સ્ટેન્ડ, છાણી, વડોદરા તથા પી.કે.મોરે વિરુદ્ધ ગુનો દાખલ કરીને તેમાંથી બિલ્ડર ભુપેન્દ્ર શાંતિલાલ શાહ તથા વિજય ડી પંચાલની ધરપકડ કરીને આગળની કાર્યવાહી હાથ ધરાઇ છે.


**Federal Bank**

ફેડરલ બેંક લિમીટેડ, LCRD/અમદાવાદ વિભાગ, દુકાન નં. ૧૦૧, પહેલો માળ, સંગાથ આઈપીએલ દ્વારા સેન્ટ્રલ, પીવીઆર સિનેમાની પછી, લેક એન્ડ ગાર્ડન પાસે, મોટેરા, અમદાવાદ-૩૮૦૦૦૫.
ઈમેલ : ahdlcrd@federalbank.co.in, ફોન : ૦૭૯-૨૯૯૦૦૩૭૩, મોબાઈલ: ૯૪૨૭૮૫૮૯૯૭

**જંગમ અને સ્થાવર મિલકતોના વેચાણ માટે વેચાણ નોટીસ**

સિક્યોરિટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ હેઠળ જંગમ અને સ્થાવર મિલકતોના વેચાણ માટેની નોટીસ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો-૨૦૦૨ ના નિયમ ૮(૬) ની જોગવાઈ સાથે વંચાણે લેતાં

આથી જાહેર જતનાને સામાન્ય રીતે અને ખાસ કરીને ઉધારકર્તાઓ અને જામીનદારોઓએ સુચના આપવામાં આવે છે કે નીચે વર્ણવેલ સ્થાવર મિલકતો **ફેડરલ બેંક લિમીટેડ** (સિક્યોર્ડ ક્રેડીટર) પાસે ગીરો/ચાર્જ કરેલ છે, જેનો **પ્રત્યક્ષ કબજો** અધિકૃત અધિકારી દ્વારા લેવામાં આવ્યો છે. **ફેડરલ બેંક લિમીટેડ (સિક્યોર્ડ ક્રેડીટર)** ની બાકી લ્હેંણી રકમ ની વસુલાત માટે **તા. ૨૪.૦૨.૨૦૨૬ ના રોજ "જેમ છે ત્યાં" "જેમ છે તેમ" "જે ત્યાં છે"** ના ધોરણે વેચાણ કરવામાં આવશે, ફેડરલ બેંક લિમીટેડ (સિક્યોર્ડ બેંક લિમીટેડ) ની વેચાણની વિગત નીચે મુજબ છે.

| નં. | ઉધારકર્તાનું નામ અને સરનામું | બાકી લ્હેંણી રકમ | અનામત કિંમત અને ઈએમડી |
|---|---|---|---|
| ૧. | (૧). શ્રી ભાવિન ગુણવંતરાય કારીયા S/o ગુણવંતરાય એ કારીયા અને (૨). શ્રીમતી વૃદા ભાવિન કારીયા W/o ભાવિન જી કારીયા, **બંનેનું સરનામું** : બી-૩, આલાપ હેરીટેજ, સત્યસાંઈ હોસ્પિટલની પાસે, કાલાવાડ રોડ, રાજકોટ, ગુજરાત - ૩૬૦૦૦૫ // ૧૦૬, પહેલો માળ, એમ્પાયરીયન સ્કાયલાઈન, એસર પેટ્રોલ પંપની પાસે, રાજપથ કોમ્પ્લેક્ષ, વાસણા - ભાયલી રોડ, ભાયલી, વડોદરા, ગુજરાત - ૩૯૧૪૧૦ // બી-૨૦૨, તક્ષ કોમ્પ્લેક્ષ, વાસણા રોડ, વડોદરા, ગુજરાત - ૩૯૦૦૦૫. | રૂા. ૭૬,૫૨,૯૦૯.૪૯ (રૂા. છોત્તેર લાખ બાવન હજાર નવસો નવ અને ઓગણપચ્ચાણ પૈસા પુરા) તા. ૨૪.૦૨.૨૦૨૬ ના સુધી | રૂા. ૩૬,૫૦,૦૦૦/- (રૂા. છવ્વીસ લાખ પચ્ચાસ હજાર પુરા) ------------- રૂા. ૩,૬૫,૦૦૦/- (રૂા. ત્રણ લાખ પાંસઠ હજાર પુરા) |
| | **સ્થાવર મિલકતનું વર્ણન** :- રહેણાંક ફલેટનો આર.એસ. નં. ૧૮, ૧૯, ૨૦, બ્લોક નં. ૨૧, ટીપીએસ નં. ૨ (ભાયલી), એફપી નં. ૧, ક્ષેત્રફળ ૪૯૫૮.૦૦ સ્કે.મી. પૈકી, ભાગ-સી, ક્ષેત્રફળ ૨૩૦૬.૦૦ સ્કે.મી., મોજે -ભાયલી, તાલુકો-વડોદરા, ફલેટ નં. ૧૦૬, પહેલો માળ, એમ્પાયરીયન સ્કાયલાઈન થી જાણીતું, બિલ્ટ અપ એરીયાનું ક્ષેત્રફળ ૧૧૮.૨૨ સ્કે.મી., અવિભાજીત હકક અને હિસ્સા સાથેની જમીનનું ક્ષેત્રફળ ૪૫.૮૮ સ્કે.મી., મોજે ગામ-ભાયલી, તાલુકો-વડોદરા, જીલ્લો-વડોદરા. **ચતુઃસીમા :- પૂર્વે** : કોમન જગ્યા અને ઓટીએસ, **પશ્ચિમે** : ઓટીએસ, **ઉત્તરે** : ઓટીએસ, **દક્ષિણે** : ફલેટ નં. ૧૦૫. | | |

વેચાણના વિગતવાર નિયમો અને શરતો માટે, કૃપા કરીને ફેડરલ બેંક લિમીટેડની વેબસાઈટ માં આપેલી લિંકનો સંદર્ભ લો એટલે કે : https://www.federalbank.co.in/web/guest/tender-notices.

**ધી ફેડરલ બેંક લિમીટડ વતી, શૈલેન્દ્ર કુમાર પાન્ડે,**
**આસીસ્ટન્ટ વાઈસ પ્રેસીડેન્ટ, લોન કલેકશન અને રીકવરી ડિપાર્ટમેન્ટ અમદાવાદ ડિવિઝન**
**(સરફેસી એકટ હેઠળ અધિકૃત અધિકારી)**



**Dakshin Gujarat Vij Company Limited**
DGVCL
CIN U40102GJ2003SGC042909
**Kadodara Division**
GETCO 66 KV SS Compound, Kadodara, Surat 394 327
DGVCL Toll Free No. 19123 (or 1800 233 3003)

**Tender Notice**

Tenders are invited from registered contractors for (1) Supply, installation, testing & commissioning earthing system for transformer center with maintenance free, Ready capsules, Pipe in Cage (PIC) type earthing and connection to the various parts of transformer center using GI strip and GI nut bolt under various Schemes for all sub-divisions under Kadodara Division. For further details & download, please visit tender.dgvcl.com & https://tender.nprocure.com.

**EE (O&M), Kadodara Division Office, DGVCL.**

Install MCB/ ELCB/ RCCB & Prevent Electric Shocks/ Electrical Accidents